જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૦/૨૦૨૩   ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## વાડજ પો.સ્ટે. વિસ્તારમાંથી વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર નંગ-૪૮૫ કિ.રુ.૫૯,૬૭૨/- મળી કુલ્લે રુપિયા ૨,૨૭,૧૭૨/- ના મુદામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૦૪.૧૦.૨૩ ના રોજ સ્ટાફના  પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા મ.સ.ઈ. મહમંદ યુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અ.હે.કો.મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪,અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.પો.કો.મહિપતસિંહ ઉદેસિંહ બ.ન.૯૯૧૮, અ.પો.કો.વિજય અજમલભાઈ બ.ન.૮૦૦૩ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો.મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩ નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે જયભવાની ઓટો દુકાન નંબર ૧૨ રાજ રેસીડેન્સી ગણેશ વિધ્યાલયની પાસે નવા વાડજ અમદાવાદ શહેર ખાતે રેઈડ કરી જુદી જુદી બ્રાન્ડની વિદેશીદારુ ની બોટલો નંગ ૪૮૫ કિ.રૂ.૫૯.૬૭૨/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૨.૨૭.૧૭૨/-ના મુદામાલ સાથે બે આરોપીઓ ને પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વાડજ પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૨૩૨૩૦૮૧૦/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧,,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર્ડ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :** (૧) રોનક અશ્નીનભાઈ મકવાણા રહે.એ/૭, સમેત એપાર્ટમેન્ટ, કેશવનગર સુભાષબ્રીજ અમદાવાદ (૨) ચિરાગ રાજેશભાઈ મકાવાણા રહે.૨૦૩૦ કૌશિક ભુવન મહાદેવ વાસ, ઉસ્માનપુરા અમદાવાદ

**નહી પકડાયેલ આરોપી :** મુકેશ મારવાડી રહે.ઝુંડાલ, ગાંધીનગર

**ગુનાની જગ્યા :** જયભવાની ઓટો દુકાન નંબર ૧૨ રાજ રેસીડેન્સી ગણેશ વિધ્યાલયની પાસે નવા વાડજ અમદાવાદ શહેર

**પકડાયેલ મુદામાલ :** (૧) પરપ્રાંતની વિદેશી દારુની બોટલો તેમજ ટીનબીયર મળી કુલ્લે નંગ-૪૮૫ કિ.રૂ.૫૯,૬૭૨/- (૨) મો.ફોન નંગ ૨ કિ.રૂ.૧૦,૦૦૦/- (૩) રોકડા રુપિયા ૭,૫૦૦/ (૪) ટુ વ્હીલર કિ.રૂ.૫૦,૦૦૦/- (૫) મારુતી કાર કિ.રૂ.૧,૦૦,૦૦૦/- તથા ટેક્ષ બિલ મળી કુલ્લે રુપિયા રુપિયા ૨,૨૭,૧૭૨/- મત્તાનો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૭૧ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૫૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૮ બિયર ટીન, ૨ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૦/૨૦૨૩**

**કાગડાપીઠઃ** મુલાયમકુમાર સિયારામ યાદવ (ઉ.વ.૧૯) (રહે. ગામ-લખમનપુર, પોસ્ટ-હટ્ટા કૈમુર બિહાર) તા.૦૪/૧૦/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ગીતામંદીર બસ સ્ટેશનથી કાળુપુર રેલવે સ્ટેશન જવા માટે ગીતામંદીર બસ સ્ટેશન બહારથી શટલ ઓટોરીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન રિક્ષા ચાલકે રિક્ષા રેલવે સ્ટેશનનાં બદલે રાયપુર ન્યુ ક્લોથ માર્કેટ બાજુ અજાણી જગ્યાએ લઇ જઇ રીક્ષાચાલકે અને રિક્ષામાં બેઠેલ અન્ય એક પુરૂષે ભેગા મળી માર મારી ડરાવી ધમકાવી મુલાયમકુમાર યાદવ પાસેથી રોકડ રૂપિયા ૧૬,૦૦૦/- લુંટ કરી રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મુલાયમકુમાર યાદવ એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**સોનાનું મંગળસૂત્ર ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૧/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** શ્વેતાબહેન વા/ઓ પ્રવેશભાઇ સોનવણે (ઉ.વ.૩૦) (રહે. દ્વારકા એપાર્ટમેન્ટ જૈન દેરાસર પાસે ગોતા) તા.૦૪/૧૦/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ગોતા દ્વારકા એપાર્ટમેન્ટના પાછળના ગેટ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શ્વેતાબહેન સોનવણેના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શ્વેતાબહેન સોનવણે એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યું -** **સમાચાર યાદી નં.૧૬૪૨/૨૦૨૩**

**નારોલઃ** નારોલ કોર્ટ પાછળ ગાયત્રીનગર પાસે સના સ્કુલ કૃણાલનગર ખાતે રહેતા રણજીત કૈલાસભાઇ વર્મા નાઓનો નવ માસનો પુત્ર બાબુ તા.0૪/૧0/૨૦૨૩ સવારના ૮/00 વાગ્યાના સુમારે રહેણાંક નજીક અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં પડી જતા તેનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એ.ધાસુરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૩/૨૦૨૩**

**સરદારનગરઃ** હનીબહેન વા/ઓ દયાલભાઇ લાલવાણી (ઉ.વ.૨૯) (રહે. લક્ષ્મી એપાર્ટમેન્ટ ચોથો માળ સીતા આઇસ ફેકટરી સામે કૈવલ કચોરી પાસે કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.0૪/૧0/૨૦૨૩ બપોરના ૪/૩0 થી સાંજના ૭/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રસિંહ જશવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી